# યોહાને જગતનો અંત જોયો.

*તેના પર ભરોસો રાખનાર દરેક બાળકને સ્વીકારવા ઈસુ ઊભો છે.*

**પ્રાર્થના :** ''વહાલા પ્રભુ, તમારી સ્વર્ગની પ્રતિજ્ઞાનો આવકાર કરવા આ બાળકોની સહાય કરો.''

બાળકોની ઉંમર અને આત્મિક સમજદારી અનુસાર આમાંની કોઈ પણ પ્રવૃત્તિઓ પસંદ કરો.

**કોઈ મોટો બાળક અથવા સભાજન** યોહાનના દર્શનની વાર્તા **પ્રકટી ૨૦:૧૧ થી ૨૧:૪ અને પ્રકટી ૨૧:૨૨ થી ૨૨:૫** સુધી વાંચે અથવા મોઢે કહી જાય. આ દર્શનમાં અંત સમયે આકાશ અને પૃથ્વી પર શું થશે તે પ્રભુએ જણાવ્યું છે.



**આ પ્રશ્નો પૂછો.**

- જેઓ મૃત્યુ પામ્યા છે તે બધા લોકોનું શું થશે? (પ્રક૨૦:૧૨)
- જેઓના નામ હલવાનના જીવન પુસ્તકમાં નથી તેમનું શું થશે ? (૨૦:૧૫)
- આપણું નવું ઘર, નવું યરૂશાલેમ કેવું દેખાય છે ? (૨૧:૨)
- કઈ બાબતો આકાશમાં કદી નહીં બને ?(૨૧:૪)
- ત્યાં શા માટે મંદિર નથી, સૂર્ય નથી અને ચંદ્ર પણ નથી ? (૨૧:૨૨-૨૩)
- નગરના મુખ્ય રસ્તાની વચમાં કઈ બે વસ્તુઓ છે ?(૨૧:૧-૨)

**પુનરાવર્તન**

- આપણે આકાશમાં કઈ વસ્તુઓ જોઈશું ? (દેવ, સફેદ રાજ્યાસન, પુસ્તકો,ઈસુ પ્રકાશ, જે લોકો મરણ પામ્યા છે તેઓ સુંદર શહેર, નદી, જીવનનું ઝાડ)
- આપણે શું સ્વર્ગમાં નહીં જોઈએ ? (મરણ, હાડેસ,રડવું,રાત,સૂર્ય,ચંદ્ર, પાપ, માંદગી)

૧. **યોહાનના દર્શનના ભાગોનું નાટક બનાવો.**

- ભજનસેવાના આગેવાન સાથે બાળકો આ નાટક રજુ કરે તે **ગોઠવો.**
- તમારા સન્ડેસ્કૂલના સમયે આ નાટકની **તૈયારી કરો.**
- તમારે બધા ભાગોનો ઉપયોગ કરવો જરૂરી નથી.
- મોટા બાળકો નાના બાળકો સાથે મદદ કરે
- **મોટા બાળકો** અથવા સભાજનો **સુવાર્તિક અને ઉદ્‌ઘોષક**ના પાત્રો ભજવે.
- **નાના બાળકો** મિત્રોના પાત્રો ભજવે.

**ઉદ્‌ઘોષક** : પ્રકટી૨૦:૧૧-૧૫ માંથી દર્શનનો પ્રથમ ભાગ કહે. પછી બોલે "સુવાર્તિક પોતાના મિત્રને શું કહે છે તે સાંભળો."

**સુવાર્તિક** : હું પ્રકટી નું પુસ્તક વાંચી રહ્યો છું. ભવિષ્યમાં આપણેદેવને તેના સફેદ રાજ્યાસન પર બેઠેલો જોઈશુ.

**મિત્ર-૧** : દેવ બધા પર પ્રેમ કરે છે. શું તે બધાને સ્વર્ગમાં લેશે ?

**સુવાર્તિક** : ફક્ત વિશ્વાસીઓ કે જેઓના નામ જીવનના પુસ્તકમાં છે તેઓ જ સ્વર્ગમાં જશે.

**મિત્ર-૨** : હું ઈસુને પ્રેમ કરૂં છું પણ ઘણી વાર ખોટું થઈ જાય છે. શું હું સ્વર્ગમાં પણ પાપ કરીશ?

**સુવાર્તિક** : ના, દેવ તને બદલી નાખશે. આપણે જે બધું કરીએ છીએ તે દેવ પુસ્તકમાં લખે છે. આપણા ખરાબ કામોનો ન્યાય કરવામાં આવશે અને તેને પાછળ ફેંકી દેવામાં આવશે. આપણે જે સારૂં કર્યું છે તે માટે દેવ આપણને બદલો આપશો.

**મિત્ર-૩** : ઈસુનો નકાર કરે છે એવા લોકોનું શું થશે?

**સુવાર્તિક** : જેઓના નામ જીવનના પુસ્તકમાં નથી તેઓ નરકની ખાઈમાં પડશે.

**મિત્ર-૩** : ઈસુ મારૂ નામ જીવનના પુસ્તકમાં લખે તેવું હું ઈચ્છું છું.

**ઉદ્‌ઘોષક** : દર્શનનો બીજો ભાગ પ્રકટીકરણ ૨૧:૧-૪માંથી બોલે છે. પછી કહે સુવાર્તિક તેના મિત્રને શું કહે છે તે સાંભળો.

**સુવાર્તિક** : સ્વર્ગ એક સુંદર પ્રેમપાત્ર કન્યા જેવું સુંદર હશે.

**મિત્ર-૪** : કદાચ દેવ મને અંદર નહિ જવા દે, મારા જીવનમાં ઘણી મુસીબતો અને દુઃખો છે.

**સુવાર્તિક** : દેવ તારા બધા દુઃખ અને મુસીબત લઈ લેશે. આ જીવનની બધી ખરાબ બાબતો પાછળ ફેંકી દેવામાં આવશે.

**મિત્ર-૪** : જ્યાં કોઈ દુઃખના હોય ત્યાં મારે જવાની ઈચ્છા છે.

**ઉદ્‌ઘોષક** : પ્રકટીકરણ ૨૧:૨૨,૨૨:૬ સુધી વાર્તાનો ત્રીજો ભાગ કહે છે. પછી બોલે મિત્ર શું કહે છે તે સાંભળો.

**મિત્ર-૫** : દેવનું ભજન કરવા માટેનું મંદિર ખૂબ મોટુ હશે?

**સુવાર્તિક** : ના ત્યાં મંદિર નહી હોય દેવ આપણી સાથે રહેશે અને આપણું મંદિર બનશે તેનું અજવાળું એવું પ્રકાશશે કે સુરજ અને ચંદ્ર ની જરૂર નહી પડે.

**મિત્ર-૫** : મને લાગે છે કે તો પછી ત્યાં ઝાડ કે નદીઓ પણ નહીં હોય.

**સુવાર્તિક** : હા ત્યાં એક સુંદર જીવનના પાણી ની નદી અને જીવનનું ઝાડ સ્વર્ગની બરાબર વચમાં છે.

**બધા મિત્રો** : અમારી ઈચ્છા ત્યાં જવાની અને ઈસુ સાથે રહેવાની છે. સદાકાળ ઈસુના નામની સ્તુતિ થાઓ.

**ઉદ્‌ઘોષક** : નાટકમાં મદદરૂપ થનાર બધાનો આભાર માને છે.

**પ્રશ્નો**. જો તેઓએ આ નાટક મોટાઓ માટે રજુ કર્યું હોય તો બાળકોને ઉપરના સૂચિના પ્રશ્નો પુછવા દો. સ્વર્ગમાં બીજી કઈ વસ્તુઓની તેઓ આશા રાખે છે. તે પણ પુછો.

**ગીત.** ત્રણ બાળકો-પ્રકટીકરણ ૧૯:૬-૭-૮ કલમો એક એક મોઢે બોલી જાય.

બાળકોને જીવનનું ઝાડ કે જે સ્વર્ગમાં ઉગે છે તેનું સાદુ **ચિત્ર દોરવાનું** કહો. આ ચિત્રો બાળકોને ભજનસેવા વખતે બતાવવા દો. અને સમજાવો કે આ જીવનના ઝાડ મારફતે દેવ તરફથી સ્વર્ગમાં સાજાપણું પ્રાપ્ત થશે.



**મોટા બાળકો** દેવના અંતિમ ન્યાય અને સ્વર્ગને લગતાં ગીત બનાવે.

મોટા બાળકો **પ્રકટીકરણ ૨૧:૩ અને ૪ મુખપાઠ કરે**. નાના બાળકો ફક્ત-૪ કલમ કરે.

**પ્રાર્થના** - વહાલા ઈસુ પ્રેરીત યોહાનને સ્વર્ગનું દર્શન આપવા માટે અમે તમારો આભાર માનીએ છીએ. અમારે ભવિષ્યની ચિંતા કરવાની હવે જરૂર નથી.ઈસુ પાપ અને શેતાન પર જય પામ્યો છે. સ્વર્ગ ખુબ જ સરસ હશે. અમે તમારો ચહેરો સદા જોઈશું અને તમારી સાથે સદા રહીશું.

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net